# ગુજરાત કેન્સર અને રિસર્ચ ઈન્સ્ટિટયૂટ
(એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ)
<u>અમદાવાદ</u>

## <u>તપાસ–સારવારની ફીમાં રાહત મેળવવા/કેશલેસ સારવાર મેળવવા</u>

૧. મુખ્યમંત્રી અમૃતમ યોજના (**MA YOJANA)** ના કાર્ડધારક તથા તે કાર્ડમાં સમાવિષ્ટ કુટુંબના સભ્યોને અત્રેની હોસ્પિટલમાં તપાસ–સારવારમાં માફી આપવામાં આવશે.

૨. **અનુ.જાતિ (SC)** ના દર્દીઓએ જાતિનું પ્રમાણપત્ર સમાજ કલ્યાણ અધિકારી/ મામલતદાર/ટી.ડી.ઓ.નું તથા આવકનું પ્રમાણપત્ર મામલતદાર/ ટી.ડી.ઓ./ કલેકટર ઓફિસના સક્ષમ અધિકારીનું રજૂ કરવું.

૩. અનુ.જન જાતિ **(ST)**ના દર્દીઓએ જાતિનું પ્રમાણપત્ર સમાજકલ્યાણ અધિકારી / મામલતદાર/ ટીડીઓ ઓફિસના સક્ષમ અધિકારીનું રજુ કરવું.

૪. **ગુજરાત સરકારશ્રીના સરકારી કર્મચારીઓએ** સર્વિસ અંગેનું તથા તેઓના આશ્રિતો (ફેમીલી મેમ્બર્સ) માટે તેઓશ્રી ઉપર આશ્રિત છે તેવું પ્રમાણપત્ર તેઓની કચેરીએથી જાવક નંબર, રાઉન્ડ સ્ટેમ્પ તથા અધિકૃત અધિકારીના સહી સિકકાવાળું રજૂ કરવું.

૫. **ગુજરાત સરકારશ્રીના પેન્શનર** તથા તેઓશ્રીના પતિ/ પત્ની માટે પેન્શનનો ઓર્ડર/ પેન્શન બુક રજૂ કરવી.

૬. **સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ** હેઠળ રાહત મેળવવા સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ રાહત/ માફીનો પત્ર, અન્ય પુરાવા સાથે રજુ કરવા.

૭. **ફ્રીડમ ફાઈટરે** તેઓનું આઈડેન્ટીટી કાર્ડ રજૂ કરવું.

૮. **ઈ.એસ.આઈ.એસ.ના દર્દીઓએ** કેશલેસ સારવાર માટે રીફર ફોર્મ તથા લાયઝન ઓફિસર (રૂમ નં.૭૦) સિવિલ હોસ્પિટલ ઓ.પી.ડી.માંથી રીફર કરેલ કેસ રજૂ કરવા.

૯. **કંડલા પોર્ટ ટ્રસ્ટ, ઈસરો, રેલ્વે, ઓ.એન.જી.સી. વગેરે** જેના પોસ્ટ પેઈડની મંજુરી હોય તેવા કર્મચારીઓએ જરૂરી રીફર ફોર્મ તથા પ્રમાણપત્રો સાથે એકાઉન્ટ ઓફિસમાં એકાઉન્ટ ઓફિસરને મળવું.

૧૦. કેદી દર્દીએ સાથે જેલ સુપ્રિન્ટેન્ડેન્ટનો સારવાર માટેનો ભલામણ પત્ર લાવવો જરૂરી છે.

૧૧. મટી શકે તેવા કેન્સરના દર્દીઓને ઈન્ડિયન કેન્સર સોસાયટી તરફથી રૂા.૨,૫૦,૦૦૦/– સુધીની સહાય મળી શકે તેમ છે તે માટેની ભલામણ માટે આપશ્રીની સારવાર આપતાં ડોકટરશ્રીનો સંપર્ક કરવો.

૧૨. કુટુંબની વાર્ષિક આવક રૂા.૨,૦૦,૦૦૦/– (રૂા. બે લાખ) સુધીની હોય તેવા દર્દીઓને (૧) મામલતદાર/ તાલુકા વિકાસ અધિકારી (ટી.ડી.ઓ.)/ કલેકટર ઓફિસમાંથી આવકનો દાખલો તથા (૨) નમૂના પ્રમાણેનું એફિડેવીટ (નમૂનો નોટિસ બોર્ડ/ માહિતી કેન્દ્ર ઉપર છે) રજૂ કર્યેથી સારવાર–તપાસમાં ૫૦% રાહત આપવામાં આવશે.

૧૩. **ઉપર્યુકતમાંથી કોઈપણ યોજના હેઠળ મફત સારવાર / સહાય મળવાપાત્ર ન હોય અને દર્દીને સહાયની જરૂરિયાત હોય તો પ્રધાનમંત્રી / કેન્દ્રિય આરોગ્યમંત્રી સહાય** યોજનામાં અરજી કરવી.(આ માટેનું અરજી ફોર્મ નવા કેસ કાઉન્ટર, ઓ.પી.ડી.ના સીસ્ટર રૂમમાંથી મળશે) અથવા ગરીબ દર્દી સહાય કેન્દ્ર રૂમ નં.૬૮ માં મળવું.

૧૪. નવા કેસના પ્રથમ દિવસે માફીની જરૂરિયાતવાળા દર્દીએ તેઓશ્રીની તપાસ–સારવાર, દવામાં માફી સારવાર લેતા યુનિટના સીનીયર ડોકટરશ્રીની કેસમાં ભલામણ લખાવીને ઓફિસમાં મળવું.જેથી યોગ્ય માફી કરવામાં આવશે. ત્યારબાદ ફી રાહતની જરૂરી કાર્યવાહી અનુસરવાની રહેશે.